GJAH230000312018

C.C. No.13/2018
Ex. No.

(નમુનો:- અ)

| ધોલેરાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસર્ટ કલાસ શ્રી પી.એન. લાખાણી સાહેબની કોર્ટમાં, મુ. ધોલેરા, જી. અમદાવાદ(રૂરલ) | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ૧૫/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૧૩/૨૦૧૮ |
| પોલીસ સ્ટેશન/ એફ.આઇ. આર.નંબર | : | ફ.ગુ.ર.નં-૧૧/૨૦૧૬ |
| ગુનો | : | ઇ.પી.કો. કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧ મુજબ |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | જીગરભાઇ ચન્દ્રકાંતભાઇ હીંગુ,<br>રહે.હાલ બાબરીયા શેરી, તા. ધોલેરા, જી. અમદાવાદ.<br>મુળ રહે. ૨૬/બી, ઘનશ્યામ પાર્ક, વારસીયા રીંગ રોડ, વડોદરા. |
| ફરીયાદપક્ષ તરફે | : | વિ.એ.પી.પી.શ્રી ડી. બી. રાઠોડ |
| આરોપીઓ | : | ૧) અરવીંદભાઇ જીવણભાઇ ગોહીલ,<br>રહે. તરકપુર ગામ, તા. ખંભાત, જી. આણંદ.<br>૨) સંજય ઉર્ફે ગબ્બર જગદીશભાઇ બારૈયા,<br>રહે. ચિત્રા, એસ. ટી. વર્કશોપ, મફનગર, ભાવનગર.<br>૩) મનુ ઉર્ફે મનોજ કરમશીભાઇ સોલંકી,<br>રહે. સીજીવાડા ટાવરની પાસે, તા. માતર, જી. ખેડા.<br>મુળ રહે. ગામ, સીસોદરા, નાદોદ, જી. નર્મદા.<br>૪) શાંતીભાઇ મેરૂભાઇ જાદવ,<br>રહે. ચીત્રા ફીલ્ટર ટાંકી પાસે, સીદસર રોડ, આંબેડકરનગર, મફતનગર, તા.જી. ભાવનગર. |
| આરોપીના વિ.વ.શ્રી | : | આરોપી નં-૧ તરફે- વિ.વ.શ્રી એન. એમ. ખસીયા<br>આરોપી નં-ર થી ૪ તરફે-સી.આર.પી.સી. ની કલમ-૨૯૯ |

| | | |
|---|---|---|
| | | મુજબ તેઓની ગેરહાજરીમાં |

(નમુનો:- બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૨૩/૦૩/૨૦૧૬ |
| ફરીયાદની તારીખ | : | ૨૫/૦૩/૨૦૧૬ |
| ચાર્ઝશીટની તારીખ | : | ૨૨/૦૨/૨૦૧૮ |
| ચાર્ઝફ્રેમ/પ્લી તારીખ | : | ૨૧/૦૩/૨૦૧૮ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૨૦/૧૨/૨૦૧૮ |
| ચુકાદો માટે રાખવાની તારીખ | : | ૦૮/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૧૫/૦૪/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | – |

:આરોપીની વિગત:

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન/ નિર્દોષ | સજા | Crpc: 428 માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અરવીંદભાઇ જીવણભાઇ ગોહીલ | ૨૨/૧૨/૨૦૧૭ | ૦૫/૦૧/૨૦૧૮ | ઇ.પી.કો. કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧ | શંકાનો લાભ આપી છોડયા | - | - |
| ૨ | સંજય ઉર્ફે ગબ્બર જગદીશભાઇ બારૈયા | ૨૬/૧૨/૨૦૧૭ | ૧૩/૦૩/૨૦૧૮ | | શંકાનો લાભ આપી છોડયા | - | - |
| ૩ | મનુ ઉર્ફે મનોજ કરમશીભાઇ સોલંકી | ૨૬/૧૨/૨૦૧૭ | ૦૮/૦૩/૨૦૧૮ | | શંકાનો લાભ આપી છોડયા | - | - |
| ૪ | શાંતીભાઇ મેરૂભાઇ જાદવ | ૨૬/૧૨/૨૦૧૭ | ૧૩/૦૩/૨૦૧૮ | | શંકાનો લાભ આપી છોડયા | - | - |

(નમુનો :- ક)

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| અ.નં. | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ ભુપેન્દ્રસિંહ દિલુભા ચુડાસમાની જુબાની | ૧૪ |
| ૨. | પંચ સાહેદ જયેશભાઇ ઉર્ફે ટીનાભાઇ ઠાકરશીભાઇની જુબાની | ૬૦ |

| | | |
|---|---|---|
| ૩. | સાહેદ પ્રતાપસિંહ પ્રવિણસિંહ ચુડાસમાની જુબાની | ૬૫ |
| ૪. | સાહેદ હસમુખભાઇ વિઠઠલભાઇ પટેલની જુબાની | ૬૯ |
| ૫. | સાહેદ નિરજકુમાર જયંતીલાલ ચૌધરીની જુબાની | ૭૩ |
| ૬. | ફરીયાદી જીગરભાઇ ચન્દ્રકાંતભાઇ હીંગુની જુબાની | ૭૪ |
| ૭. | ત.ક.અ. વિષ્ણુભાઇ નાથાભાઇ પ્રજાપતિની જુબાની | ૭૮ |

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:
(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ

| અ.નં. | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | પંચનામું | ૧૫ |
| ૨. | પંચનામું | ૬૧ |
| ૩. | ફરીયાદ | ૭૫ |

-:: ચુ કા દો ::-

(૧) આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧ મુજબ ફરીયાદીએ દાખલ કરેલી છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તા. ૨૩/૦૩/૨૦૧૬ ના કલાક ૨૩.૦૦ થી તા. ૨૪/૦૩/૨૦૧૬ ના કલાક ૨૦.૦૦ દરમ્યાન કોઇ પણ સમયે મોજે ધોલેરા રાહ તળાવ રોડ ઉપર આવેલ રીધ્ધી સિધ્ધી કોમ્પલેક્ષમાં આવેલ સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર શાખા, ધોલેરાના એ.ટી.એમ.માં આરોપીઓએ ચોરી કરવાનો પ્રયાસ કરી, નુકસાન પહોંચાડી ઇ.પી.કો. કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧ મુજબનો ગુનો કરેલો છે અને તે મતલબની ફરીયાદ ફરીયાદીએ ધોલેરા પોલીસ સ્ટેશનમાં આપેલી છે.

(૩) ફરિયાદીએ આપેલ ફરીયાદના આધારે આરોપીઓ સામે ચાર્ઝશીટ દાખલ થયા બાદ, આરોપીઓને સમન્સ કરતાં, આરોપીઓને સમન્સ બજી ગયેલ અને આરોપીઓ હાજર થતાં, આરોપીઓને પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ અને

આરોપીઓ સામે આંક-૦૩ થી તહોમતનામું ઘડવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓની આંક-૦૪ થી ૦૭ થી પ્લી લેવામાં આવેલ જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરેલો અને સબબ કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ. જેથી, સદરહું ફરીયાદીનું કામ, ફરીયાદ પક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ. બાદમાં સદરહું કામના આરોપીઓને પ્રોસેસ કરતાં, આરોપી નં-ર થી ૪ મળી આવેલ નહીં. આરોપી નં-ર થી ૪ ને પોલીસ ધ્વારા હાજર રખાવવામાં આવેલા નથી કે તેઓના જામીનને પણ હાજર રખાવવા માટે પુરતા પ્રયત્નો કરેલ હોવા છતાં જામીનદાર પણ મળી આવેલા નથી. વધુમાં, હાલના કેસનું રેકર્ડ જોતાં, સદરહું કેસ લગભગ ૦૮ વર્ષ જેટલો જુનો કેસ છે અને જો હાલનો કેસ વધુ સમય આરોપી નં-ર થી ૪ ની ગેરહાજરી સબબ પેન્ડીંગ રાખવામાં આવશે તો ટ્રાયલ દરમ્યાન તપાસવામાં આવેલા સાક્ષીઓની યાદ શકિત ઉપર અસર પડે તેમ છે. ઉપરાંતમાં, આરોપી નં-ર થી ૪ નજીકના ભવિષ્યમાં હાજર રહે તેવી કોઇ શકયતા જણાઇ આવતી નથી. જેથી, સી.આર.પી.સી.ની કલમ-ર૯૯ ની જોગવાઇ તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના પરીપત્ર નં-સી. ર૬૧૮/ર૦૧૬, તા. ૦પ/૦૭/ર૦૧૬ માં જણાવેલ સુચનો ધ્યાને લઇ, હાલના કેસની ટ્રાયલ સી.આર.પી.સી. ની કલમ-ર૯૯ મુજબ આગળ ચલાવવામાં આવેલી છે.

(૪) દરમ્યાન ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત "નમુના અ" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ અને ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયેલાનું જાહેર થયા બાદ આરોપી નં-૧ ના બી.એન.એસ.એસ. ની કલમ-ર૭૮ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપી નં-૧ એ તેઓને પુછવામાં આવેલ આક્ષેપોને નકારેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે આરોપી સામે ખોટો કેસ કરેલ છે, તેઓ નિર્દોષ છે, દયા કરવા અરજ કરેલી છે.

(પ) બચાવપક્ષ ધ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી.

(૬) સદર કામે ફરીયાદ પક્ષ તરફે તેમજ બચાવ પક્ષ તરફે વિગતવારની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૭) બંને પક્ષોની દલીલો, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને લેતાં, આ કેસના

નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

-:મુદાઓ:-

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૩/૦૩/૨૦૧૬ ના કલાક ૨૩.૦૦ થી તા. ૨૪/૦૩/૨૦૧૬ ના કલાક ૨૦.૦૦ દરમ્યાન કોઇ પણ સમયે મોજે ધોલેરા રાહ તળાવ રોડ ઉપર આવેલ રીધ્ધી સિધ્ધી કોમ્પલેક્ષમાં આવેલ સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર શાખા, ધોલેરાના એ.ટી.એમ.માં આરોપીઓએ ચોરી કરવાનો પ્રયાસ કરી, નુકસાન પહોંચાડી ઇ.પી.કો. કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

- :: કારણો :: -

મુદા નં- ૧ અને ૨:-

આ કામે ઉપરોકત મુદદાની અને આ કેસની ગુણદોષની ઉપર ચર્ચા કરતા પહેલા કાનુની સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં પુરાવાનો બોજ હંમેશા ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષ પોતે વ્યાજબી પ્રકારની શંકાથી પર રહીને (BEYOND A REASONABLE DOUBT) પોતાની હકીકત પુરવાર કરવાની હોય છે. જયારે આરોપીએ પોતે પોતાનો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાની કોઇ જરૂરીયાત રહેતી નથી પરંતુ ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી પ્રકારની શંકા ઉત્પન્ન કરવાની હોય છે. પુરાવાનો બોજ અપવાદરૂપ કીસ્સા સિવાય કયારેય ફરીયાદપક્ષ ઉપરથી આરોપી તરફ ઢળતો નથી અને શંકાનો લાભ હંમેશા આરોપીને મળે છે પરંતુ એવું માની શકાય નહિં કે ફરીયાદપક્ષે પોતાનો કેસ તમામ પ્રકારનીશંકાઓથી પર રહીને સાબિત કરવો પડે. ફરીયાદપક્ષે પોતાનોકેસ વ્યાજબી પ્રકારની શંકા(REASONABLE DOUBT) થી પર સાબિત કરવાનો રહે છે અને બચાવપક્ષ ધ્વારા એવો બચાવ લેવામાં આવે કે જે

ફરીયાદપક્ષના કેસ સાથે સુસંગત નથી અથવા કેસના સંજોગોમાં તેવો બચાવ શકય જ નથી ત્યારે તેવા બચાવના આધારે ફરીયાદપક્ષના કેસને કાઢી શકાય નહી.

(૧૦) ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને હાથ પરનો કેસ જોવામાં આવે તો, સદરહું ફરીયાદી તથા સાહેદોની જુબાની તે રેકર્ડ પર હોય અને આથી, પુનરાવર્તન ટાળવાના હેતુથી દરેક સાહેદોની જુબાની અલગ અલગ ચર્ચા કરવાને બદલે અહીં એકી સાથે ચર્ચા કરવામાં આવેલ છે. હાલના કામે આંક-૧૪ થી તપાસવામાં આવેલા પંચ સાહેદ ભુપેન્દ્રસિંહ દિલુભા ચુડાસમા નાઓ તેઓના પુરાવામાં પોલીસે એક લખેલ પંચનામામાં તેઓની સહી લીધેલાની હકીકત જણાવે છે તેમજ સહી કર્યા સિવાય તેઓ બીજું કાંઇ જાણતા ન હોવાની હકીકત જણાવે છે. તેઓની હાજરીમાં કોઇ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું તેઓ જણાવે છે. ઉપરાંતમાં, આંક-૬૦ થી તપાસવામાં આવેલા પંચ સાહેદ જયેશભાઇ ધરજીયાનાઓ પણ તેઓના પુરાવામાં તેઓ આઠેક વર્ષ પહેલા તેમના ઘર બાજુ જતા હતા ત્યારે પોલીસે બોલાવી નામ સરનામુ પુછી એક તૈયાર લખેલ કાગળ માં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલાની હકીકત જણાવે છે. આંક-૬૧ વાળા પંચનામા બાબતે તેઓ કાંઇ જાણતા ન હોવાનું જણાવે છે. તેઓએ પંચનામું વાંચેલ નથી કે તેમાં શું લખેલ હતું તેની પણ તેઓને ખબર ન હોય તેમજ પોલીસે તેઓની હાજરીમાં કોઇ ઇસમો નું નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ પોલીસ રૂબરૂ પંચનામાની વિગતે જણાવેલ હોય અને આ ચારેય આરોપીઓ પોતે પોલીસ ને એ.ટી.એમ. ઉપર જઇ ગયેલ હોય અને તેઓએ કેવી રીતે એ.ટી.એમ. તોડવાનો પ્રયત્ન કરેલ હોય તે મુજબની હકીકત અમો પંચો રૂબરૂ પોલીસ ને જણાવેલ હોય તેવુ બનેલ ન હોવાનું તેમજ પકડાયેલ ઇસમોએ તેઓ રૂબરૂ પોલીસ ને પોતે એ.ટી.એમ.તોડવાનો પ્રયત્ન કરેલ તેની રીહર્સલ કરેલ હોય તેવુ બનેલ ન હોવાની હકીકત જણાવેલી હોય ત્યારે સદરહું બંને પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી. સદરહું બંને પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી તરફથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેમાંથી કોઇ ફળદાયી હકીકત તેઓ જણાવતા નથી તેમજ બચાવ પક્ષે

લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સદરહું બંને પંચ સાહેદોએ તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત જણાવેલી છે અને પંચનામા બાબતે તેઓ કાંઇ જાણતા ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલો છે ત્યારે સદરહું પંચ સાહેદોના પુરાવાથી પંચનામાની હકીકતને સમર્થન મળતું નથી.

(૧૧) હાલના કામે આંક-૬૫ થી તપાસેલા સાહેદ પ્રતાપસિંહ પ્રવિણસિંહ ચુડાસમા કે જેઓ બેંકમાં સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા તેમજ આંક-૬૯ થી તપાસેલા સાહેદ હસમુખભાઇ વિઠઠલભાઇ પટેલ કે જેઓ પણ બેંકમાં સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા તેમજ આંક-૭૩ થી તપાસેલા સાહેદ નિરજકુમાર જયંતીલાલ ચૌધરી કે જેઓ બેંકમાં કેશીયર તરીકે નોકરી કરતા હતા તેઓ તમામ તેઓના પુરાવામાં તેઓના બેંકના એ.ટી.એમ.ને કોઇ એ તોડવાનો પ્રયત્ન કોઇએ કરી અને ચોરી કરવાનો પ્રયત્ન કરેલાનું જણાવે છે. સાહેદ પ્રતાપસિંહ બનાવ વખતે રજા પર હોય અને ચોરી કરવાનો પ્રયત્ન કોણે કરેલો તે બાબતે તેઓ કાંઇ જાણતા ન હોવાનું તેમજ બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાનું જણાવતા હોય તેમજ તેમજ સદરહું સાહેદને બનાવની જાણ ફોન પર થયેલાનું પણ તેઓના પુરાવા પરથી જણાઇ આવે છે. સાહેદ હસમુખભાઇ પણ બનાવના દિવસે તેઓના ઘરે હોય તેમજ ચોરી કરવાનો પ્રયત્ન કોણે કરેલો હતો તે તેઓ કહી શકે નહીં તેમજ તેઓને પણ બનાવની જાણ ફોન પર થયેલાની હકીકત સાહેદે તેઓના પુરાવામાં જણાવેલી છે. ઉપરાંતમાં, સાહેદ નીરજકુમાર પણ બનાવ તેઓએ નજરે જોયેલ ન હોય તેમજ ચોરી કરવાનો પ્રયત્ન કોણે કરેલ તે તેઓને ખબર ન હોય તેમજ એ.ટી.એમ.માં ચોરી કરવાનો પ્રયત્ન કરનાર ઇસમો કોણ હતા તે તેઓને પાછળથી પણ જાણવા મળેલ ન હોવાનું તેઓના પુરાવામાં જણાવે છે ત્યારે સદરહું સાહેદોના પુરાવાથી હાલના કામના આરોપીઓ કસુરવાર હતા તેવું ફલીત થતું નથી. તદુપરાંત, આંક-૭૪ થી તપાસેલા ફરીયાદી જીગરભાઇ ચન્દ્રકાંતભાઇ હીંગુનાઓનો પુરાવો ધ્યાને લેતાં સને. ૨૦૧૬ ની સાલમાં તેઓ સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર શાખા ધોલેરા ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા હોવાની હકીકત જણાવે છે. ફરીયાદી વધુમાં જણાવે છે કે, ગઇ તા. ૨૪/૦૩/૨૦૧૬ ના રોજ રાત્રી ના પોણા નવેક

વાગ્યે તેઓની બેંક ના એ.ટી.એમ. માં સીકયુરીટી તરીકે નોકરી કરતા પ્રતાપસિંહ નો ફોન આવેલ છે અને જણાવેલ કે રાત્રી ના અગિયાર વાગ્યા ના સુમારે તેઓની તબીયત ખરાબ થતા તેઓ ઘરે જતો રહેલ અને સવારે એ.ટી.એમ. ચેક કરવા આવેલા અને બહાર થી જોયેલ તો એ.ટી.એમ. નું શટર બંધ હતુ, ત્યારબાદ આંઠેક વાગ્યાના સુમારે એ.ટી.એમ. ઉપર જઇ ને જોયલ તો એ.ટી.એમ. ને કોઇ એ તોડવાનો પ્રયત્ન કરેલ હતો અને નુકશાન કરેલ હતુ તેવી હકીકત જણાવેલી સીકયુરીટી તરીકે નોકરી કરતા પ્રતાપસિંહે ફરીયાદીને જણાવેલી અને તેથી ફરીયાદીએ તેઓના ઉપરી અધિકારી તથા સાથી કર્મચારીઓને તે બાબતની જાણ કરેલાની હકીકત જણાવે છે. બાદમાં તેઓ બીજા દિવસે સવારે નવેક વાગ્યે ધોલેરા આવી ગયેલ અને તેઓના એ.ટી.એમ માં જઇને જોયેલ તો કોઇ એ એ.ટી.એમ. તોડવાનો પ્રયત્ન કરેલ હતો અને લોખંડનો સળીયો, પથ્થરો તથા કટર ની પ્લેટો પડેલ હતી અને એ.ટી.એમ. ને નુકશાન કરેલુ હતુ. ત્યારબાદ તેઓ એ પાસવર્ડ વડે દરવાજો ખોલી અંદર પડેલ રોકડ રકમ ની ગણતરી કરવા બહાર કાઢી બેંક માં લઇ ગયેલ અને તમામ બોક્ષ માં પુરેપુરી રકમ મળી આવેલી અને કોઇ રોકડ રકમ ની ચોરી નહિં થયેલાનું જણાતા તેઓ તથા તેઓના સ્ટાફના માણસ સાથે પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરવા માટે આવેલા અને અજાણ્યા ઇસમ વિરૂદ્ધ તેઓએ ફરીયાદ આપેલ તેમ તેઓના પુરાવામાં જણાવે છે. સદર એ.ટી.એમ. માં આશરે બે લાખ રૂપિયા જેટલુ નુકશાન થયેલ તેમજ ફરીયાદી જણાવે છે પરંતુ તેઓ એમ પણ જણાવે છે કે, આ એ.ટી.એમ. માં ચોરી નો પ્રયત્ન કરનાર કોણ હતા તેવું તેઓને પાછળ થી જાણવા મળેલુ નહિં અને આથી હાલના કામના ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં, અજાણ્યા ઇસમોએ બેંકનું એ.ટી.એમ. તોડવાનો પ્રયત્ન કરેલાની હકીકત રેકર્ડ પર આવે છે પરંતુ હાલના કામના આરોપીઓએ જ તે કૃત્ય કરેલ હતું તેવું પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે.

(૧૨) સદરહું કામે આંક-૭૮ થી તપાસેલા સાહેદ વિષ્ણુભાઇ નાથાભાઇ પ્રજાપતિનાઓ કે જેઓએ હાલના ગુનાની તપાસ કરેલી છે તેઓનો પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદીની ફરીયાદ મુજબ સદર ગુનાની તપાસ તેઓએ કરેલ અને સદર ગુનાની

તપાસના કામે તેઓને ગુના વાળી જગ્યાનું પંચનામુ તથા સાધનીક કાગળો મળેલા અને તેઓને આંક-૧૫ વાળુ પંચનામું બતાવવામાં આવતાં તેઓ તે ઓળખી બતાવે છે અને હાલના કામના આરોપીઓએ ગુનાની કબુલાત કરતા આરોપીઓ ટ્રાન્સફર વોરંટ થી કબજો મેળવવા કાર્યવાહી તેઓએ કરતાં અને આરોપીઓની કબુલાત આધારે આરોપીઓ સામે પુરતા પુરાવા હોય, નામ. કોર્ટ માં ચાર્ઝશીટ કરેલાની હકીકત તેઓ જણાવે છે પરંતુ હાલના કામે રજુ થયેલ ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતાં, હાલના કામના આરોપીઓએ જ કહેવાતો ગુનો આચરેલો હોય તેવું નિ:શંકપણે પુરવાર થઇ શકેલ નથી. ઉપરાંતમાં, હાલના કામના આરોપીઓના કબજામાંથી કોઇ મુદામાલ કબજે થયેલ ન હોય તેમજ આરોપીઓએ જે એ.ટી.એમ.માથી ચોરી કરવાનો પ્રયત્ન કરેલો છે તેવો કોઇ નજરે જોનાર સાહેદોનો પુરાવો રજુ થયેલો ન હોય તેમજ ત્યાંના કોઇ સી.સી. ટી.વી. ફુટેજ હાલના તપાસના કામે પોલીસે કબજે કરેલ હોય અને જેમાં આરોપીઓ ગુનો કરતા જણાઇ આવેલા હોય તેવો લેશમાત્ર પુરાવો આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલો નથી. આ કામે તપાસ કરનાર દ્વારા કરવામાં આવેલ તપાસ ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીઓની પોલીસ કસ્ટડીમાં કરવામાં આવેલ કબુલાત ના આધારે તેઓની સામે ચાર્ઝશીટ કરવામાં આવેલ છે. પરંતુ આ કામે અગાઉ ચર્ચા કરી તે મુજબ આરોપીઓ સામે નામજોગ ફરીયાદ દાખલ થયેલી નથી, તેમજ આરોપીઓને કોઇ એ ગુનો આચરતા જોયેલા હોય તેવા કોઇ નજરે જોનાર સાહેદો નથી અને જેથી ફકત અને ફકત આરોપીઓની પોલીસ રૂબરૂ ની કબુલાત ના આધારે અને અન્ય સ્વતંત્ર વિશ્વસનીય પુરાવાના અભાવે આરોપીઓ સામે નો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ હોવાનું માની શકાય નહિં. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપીઓની પોલીસ કસ્ટડીમાં લેવામાં આવેલ કબુલાત પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહિં અને આવી કબુલાત પુરવાર કરવા માટે પરવાનગી પણ આપી શકાય નહિં.

(૧૩) આથી, હાલના કામે પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયા હોય અને ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી એક પણ હકીકત તેઓની જુબાનીમાં જણાવતા ન હોય તેઓના પુરાવાથી ફરીયાદ મુજબનો કેસ સાબિત થતો નથી. ઉપરાંતમાં, ફરીયાદી તેમજ

અન્ય સાહેદોના પુરાવાથી પણ આરોપીઓ ધ્વારા જ હાલનો બનાવ બનવા પામેલ હોય તેવું પુરવાર થતું નથી. ઉપરાંતમાં, હાલના કામના આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત થઇ શકે તેવો સઘન અને ઠોસ પુરાવો આ સાહેદો ના પુરાવાના આધારે રેકર્ડ ઉપર રજુ થઇ શકેલ નથી. આથી, ઉપરોકત તમામ સાહેદોના પુરાવાનું એકીસાથે મુલ્યાંકન કરતાં ચોરી કરવાનો પ્રયત્ન હાલના કામના આરોપીઓએ જ કરેલ હતો તે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ જાય છે તેવું અત્રેની કોર્ટનું માનવું છે.હાલના કામે સાહેદ અંબીકાપ્રસાદ હીમાંશુકુમાર પટનાયકનાઓને વારંવાર પ્રોસેસ કરવા છતાં તેઓ મળી આવતા ન હોય તેથી તેઓની જુબાની થઇ શકેલ નથી. ઉપરાંતમાં, સદરહું કેસ લગભગ ૦૮ વર્ષ જુનો કેસ છે. હાલના કામે ફરીયાદ પક્ષે જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે પુરાવાનું મુલ્યાંકન કરતાં, હાલના કામના આરોપીઓ ધ્વારા કહેવાતો ગુનો આચરવામાં આવેલ હોય તેવું નિશંકપણે પુરવાર થતું નથી.

(૧૪) આથી ઉપરોકત રજુ થયેલ ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આ કામના આરોપીઓએ ઉપરોકત જણાવેલ ગુનો કરેલ છે તે રેકર્ડ ઉપરથી નિ:શંકપણે પુરવાર થતુ ના હોય તેમજ આ કામે ખુદ ફરીયાદીએ તથા સાહેદોએ પોતાના પુરાવાથી આવા દસ્તાવેજોની હકીકતોને સમર્થન કરેલ નથી. હાલના કામે જે ફરીયાદ જે રજુ છે તેની હકીકતને ફરીયાદીની તથા સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી અને આથી ફરીયાદની હકીકત બિનપુરવાર રહેવા પામે છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ દવારા મુકવામાં આવેલ તહોમત પૈકીની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે. જેથી, સદર ગુનો આરોપીઓ ધ્વારા બનેલ છે તેવું રેકર્ડ ઉપર શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. એટલે કે, સદર ગુના સાથે આરોપીઓને સાંકળતો કોઈ સીધો પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજૂ નથી કે ક્રમબધ્ધ પુરાવાની એવી અતૂટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીઓ ધ્વારા જ સદર ગુનો થયેલ હોય તેવુ એક માત્ર અનુમાન થઈ શકે. જેથી, તેનો કાયદેસર શંકાનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે, આથી ઉપરોકત રજુ થયેલ ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને

લેતા તથા ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આ કામના આરોપીઓથી ગુનો થયેલ હોવાનું રેકર્ડ ઉપરથી નિ:શંકપણે પુરવાર થતુ ના હોય, આરોપીઓને તેમની સામેના આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવી ફોજદારી જવાબદારી નક્કી કરી શકાય નહી. હાલનો કેસ ૦૮ વર્ષ જુનો છે જેથી વધુ સમય માટે મુકી રાખવો યોગ્ય જણાતો નથી. સદરહું કેસમાં આરોપીઓને દોષિત ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર આવેલ નથી જેથી આ સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૩(૬) ની જોગવાઇ મુજબ આરોપી નં-૨ થી ૪ ની હાજરી જરૂરી જણાતી ન હોય, જેથી ઉપર મુજબ મુદા નં-૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદા નં-૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**::હુકમ::**

(૧) આ કામના આરોપીઓને તેઓની સામેના ઇ.પી.કો. કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાના લાભ સાથે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં-૧ નાઓએ અપીલ સમયના જામીન તરીકે રૂ.૫,૦૦૦/- ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તા. ૧૫ મી, માહે એપ્રીલ સને. ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
LAKHANI PIYUSHKUMAR N
at Principal Civil Court, Dholera
on 15/04/2026 17:53:11 IST.

Date: 15/04/2026 **(Mr. Piyush Navinbhai Lakhani)**

Place: Dholera

Judicial Magistrate First Class
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565